Received on : 08-06-2026
Registered on : 08-06-2026
Decided on : 16-06-2026
Duration : Y M D
- - 08

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૪૬૬/૨૦૨૬.**

આંક-

**અરજદાર.** વૈભવભાઈ કિશોરભાઈ નિમ્બાર્ક,
ઉ.વ.૩૨,ધંધો-વેપાર,
રહે.રૂદ્રપાર્ક, જીનપ્લોટ, નવા બસ સ્ટેશન સામે,
ભેસાણ, તા.જી.જુનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૨ હેઠળ આગોતરા જામીન અરજી.

**ગુન્હો :-** બી.એન.એસ.ની કલમ-૩૧૬(૨), ૫૪ મુજબ.

**સંદર્ભ :-** જૂનાગઢ સી.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૬૧૬/૨૬.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી જે.એ.વાઘેલા
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ સી.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૬૧૬/૨૬, બી.એન.એસ.ની કલમ-૩૧૬(૨), ૫૪ મુજબના ગુનાના કામે આગોતરા જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૨ અન્વયે આ આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૫ થી તપાસ કરનાર અમલદાર શ્રી વાય.એન.સોલંકી, પોલીસ સબ ઈન્સ. જૂનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી જે.એ.વાઘેલાનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જૂનાગઢ સી.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૬૧૬/૨૬, બી.એન.એસ.ની કલમ-૩૧૬(૨), ૫૪ થી ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદીએ રૂા.૨૪,૯૯,૦૦૦/- બેન્કમાંથી ઉપાડેલ હતા અને તેમના મિત્રને સાચવવા માટે આપેલ હતા. જે પૈસા અંજુમ, વૈભવ અને ચીરાગને સાચવવાના હતા. જે થેલો લઈને નાસી ગયેલ હોવાનું રહેલ છે. જો કે, હાલના કામના ફરીયાદીએ આ કામના અરજદાર/આરોપીને વ્યાજથી પૈસા આપેલ હોય તેવું બનેલ નથી. પરંતુ ફરીયાદીએ આરોપી અંજુમ પરમારને પૈસાનો થેલો આપેલ હતો. બનાવ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજનો રહેલ છે. જયારે ગુનાની ફરીયાદ તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ આપેલ છે. વધુમાં આ કામે મુદદામાલ પૈસા

અન્ય આરોપીના કબજામાંથી મળી આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના તપાસ કરનાર અધિકારી પી.એસ.આઈ.શ્રીનાએ ભેસાણ મુકામે પહેલા નોકરી કરતા હતા અને ભેસાણ મુકામે હાલના કામના અરજદાર/આરોપી રહેતા હોય તે વખતે ગરબીના તહેવાર વખતે થયેલ બનાવ બાબતે મનુ:દુખ રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે આરોપી અંજુમ તથા ચીરાગનાઓને જામીન ઉપર પોલીસ ધ્વારા મુકત કરેલ છે.જેથી હાલના કામના અરજદાર/આરોપીને પેરીટીનો લાભ આપી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામના ફરીયાદીએ રૂા.૨૫ લાખ એચ.ડી.એફ.સી.બેન્કમાંથી ખેડુતોને આપવા માટે ઉપાડેલ હતા. જે પૈસા તેમના મિત્ર અંજુમ પરમારને સાચવવા માટે આપેલ હતા જે પૈસાનો થેલો હાલના કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓએ ફરીયાદી પાસેથી લઈને વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે. આ કામે રૂા.૨૪ લાખ કબજે કરેલ છે. જયારે ૧ લાખ રૂપિયા કબજે કરવાના બાકી છે. હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ હાલના કામના અરજદાર/આરોપી સામે એન.ડી.પી.એસ.એકટ હેઠળના તથા બી.એન.એસ.કલમ ૩૧૬ મુજબનો વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો કરેલ છે. જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી શ્રી વાય.એન.સોલંકી, પોલીસ સબ ઈન્સ. જૂનાગઢ એ.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું આંક-૦૫ નું સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધુ. ફરીયાદપક્ષના કેસની

હકીકત જોવામાં આવે તો, આ કામના ફરીયાદીએ ખેડુતોને આપવાના રૂા.૨૪,૯૯,૦૦૦/- (ચોવીસ લાખ નવ્વાણુ હજાર) જુનાગઢ આઈ.ડી.એચ.સી.બેન્કમાંથી ઉપાડી તે રૂપિયા ભરેલ થેલો ફરીયાદીએ તેની સાથે આવેલ તેના મિત્ર અંજુમ પરમાર ઉપર વિશ્વાસ રાખી તેને સાચવવા માટે આપેલ તે રૂપિયા ભરેલ થેલો અંજુમ પરમાર તથા વૈભવ નિમ્બાર્ક તથા ચીરાગ પરમાર ફરીયાદી પાસેથી લઈ જઈ ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી ઈયોન કારમાં બેસી નાસી જઈ ત્રણેયએ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યાનો આક્ષેપ રહેલો છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સં ડોવાયેલ હોવાનું ફલીત થાય છે.

(૬) આ કામેનુ રેકર્ડ ધ્યાને તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ આરોપી સામે આરોપી સામે બાવળા પોલીસ સ્ટેશનમાં પણ હાલના પ્રકારના ગુના જેવો જ અન્ય બીજો ગુનો નોંધાયેલ છે. તેમજ એન.ડી.પી.એસ.એકટ હેઠળનો પણ ગુનો નોંધાયેલ છે. જેથી હાલના કામના અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તે સંજોગોમાં અરજદાર/આરોપીને પેરીટીનો લાભ આપી શકાય તેમ નથી. વધુમાં હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે તે સંજોગોમાં પણ હાલના કામના અરજદાર/આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂર પડે તેમ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી સામે હાલની ખોટી ફરીયાદ કરવામાં આવેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કામે અરજદાર તર્ફે વિ.વ.શ્રીએ ત.ક.અ.શ્રી સામે જે આક્ષેપ કરેલ છે તે બાબતે તપાસ દરમ્યાન કોઈ ગેરકાયદેસરની ઘટના બનેતો તે બાબતે યોગ્ય ઓથોરીટી સમક્ષ ફરીયાદ કરી શકાય તેમ છે. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીને આગોતરા જામીનની સવલત આપવાનું યોગ્ય અને ન્યાયી

જણાતું ન હોય જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

– હાલના અરજદાર/આરોપી વૈભવભાઈ કિશોરભાઈ નિમ્બાર્ક, રહે.રૂદ્રપાર્ક, જીનપ્લોટ, નવા બસ સ્ટેશન સામે, ભેસાણ, તા.જી.જુનાગઢવાળાની ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)